# District Primary Education Office, BANASKANTHA

ઓનલાઇન એપ્લીકેશન નં.- 647239 S.R. No. 25

ક્રમાંક- નં/પ્રા.શિ./ખાનગી/નવી શાળા માટે/વશી૨૧/69
જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ
જિલ્લો :- BANASKANTHA
તા. 30-01-2021

પ્રતિ,

પ્રમુખશ્રી / મંત્રીશ્રી / સંચાલકશ્રી,

Husaini Mission Trust
Hauz-E-Ilmiya campus, Husain Tekri road, At Kanodar, Tal-Palanpur, Dist-Banaskantha

વિષય:- જૂન ૨૦૨૧ થી બિન અનુદાનિત/ગ્રાન્ટ વિનાની નવી નિમ્ન પ્રાથમિક (ધો. ૧ થી ૫) / ઉચ્ચ પ્રાથમિક (ધો.૬ થી ૮) શાળાની મંજૂરી આપવા બાબત.

શાળા મંડળનું નામઃ-Husaini Mission Trust

સરનામું:-Hauz-E-Ilmiya campus, Husain Tekri road, At Kanodar, Tal-Palanpur, Dist-Banaskantha

શાળાનું નામઃ-Askari Universal School

સરનામું:-Hauz-E-Ilmiya campus, Husain Tekri Road, Kanodar. , Hauz-E-Ilmiya campus, Husain Tekri Road, Kanodar. Tal-Palanpur, Dist-Banaskantha, PALANPUR, BANASKANTHA - 385520

માધ્યમઃ-અંગ્રેજી ધોરણઃ-ધોરણ - ૬ થી ૮ નવી શાળા

સંદર્ભઃ-
1. બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯ અન્વયે
2. બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર નિયમ-૨૦૧૨ અન્વયે
3. ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૭ અન્વયે
4. મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમ ૧૯૪૯ અન્વયે
5. આપના શાળા મંડળ તરફથી નવી પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક શાળા શરૂ કરવા મળેલ અરજી અન્વયે
6. અત્રેની કચેરીના તપાસ અધિકારીશ્રી N.S.RAJPUT નો તા. 27-01-2021 નો તપાસ અહેવાલ

શ્રીમાન,

બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯ની કલમ ૧૮ અને બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર નિયમ-૨૦૧૨ના નિયમ (૫) (૧) હેઠળ મળેલ સત્તાની રૂએ તથા મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમ ૧૯૪૯ અન્વયે જૂન-૨૦૨૧ થી નવી બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા શરૂ કરવા આપના શાળા મંડળ તરફથી મળેલ ઓનલાઈન અરજી તથા અરજી સાથે જોડેલ બીડાણોનાં આધારે જૂન-૨૦૨૧ થી બિન અનુદાનિત નવી નિમ્ન પ્રાથમિક (ધો.૧ થી ૫) / ઉચ્ચ પ્રાથમિક (ધો. ૬ થી ૮) શાળા શરૂ કરવા નીચેની શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે.

આપની શાળામાં શિક્ષણનું માધ્યમ અંગ્રેજી રહેશે અને જૂન-૨૦૨૧ થી ધોરણઃ ધોરણ - ૬ થી ૮ ના ફકત એક એક વર્ગો જ ચલાવી શકશો.

શરતોઃ-

1. શાળાની માન્યતાની શરતો પૂર્ણ કરવાની અને તેને નિભાવવાની જવાબદારી શાળા મંડળની રહેશે.
2. બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ અને બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર નિયમ-૨૦૧૨ તથા ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-૧૯૪૭ અને મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમ ૧૯૪૯ ની તમામ

President
Askari Universal School
Hauza-e-Ilmiya Campus,
Husain Tekri Road,At. Kanodar,
Ta. Palanpur,Dist. Banaskantha,
Gujarat-385520

Principal
Askari Universal School
Hauza-e-Ilmiya Campus,
Husain Tekri Road,At. Kanodar,
Ta. Palanpur,Dist. Banaskantha,
Gujarat-385520

જોગવાઈઓનું પાલન કરવાનું અને તેને નિભાવવાની જવાબદારી શાળા મંડળની રહેશે.

3. અધિનિયમ અને તે હેઠળ રચાયેલ નિયમો ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા વખતો વખત જાહેર કરવામાં આવતા નિયમો, ઉપનિયમો, ઠરાવો, પરિપત્રો, સૂચનાઓ વગેરેનું પાલન કરવાની જવાબદારી શાળા મંડળની રહેશે.
4. શાળાએ નજીકના વિસ્તારમાં નબળા વર્ગના બાળકો અને વંચિત જૂથના બાળકોને પૂર્વ પ્રાથમિક વર્ગો સહિત ધોરણ-૧ માં તે ધોરણના સંખ્યાબળના 25 % મુજબ પ્રવેશ આપવો જોઈશે તથા મફત અને ફરજીયાત પ્રારંભિક શિક્ષણ તેની સમાપ્તિ સુધી પુરૂં પાડવું જોઈશે. તેના અમલ માટે સંબંધિત કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.
5. કેપીટેશન ફી લેવા પર પ્રતિબંધ છે અને તેથી ટ્રસ્ટ મંડળે અથવા શાળાએ કોઈપણ કેપીટેશન ફી અથવા અન્ય રીતે બીજા દાન અથવા એવી ફીના બદલામાં ચીજવસ્તુઓ લેવી જોઈશે નહીં.
6. શાળાએ પ્રવેશ આપવાના હેતુઓ માટે બાળકની અથવા તેના અથવા તેના તેણીના માતા-પિતા અથવા વાલીઓની કોઈપણ રીતે સ્ક્રીનીંગ ટેસ્ટ (તપાસ કસોટી) અથવા કાર્યરીતિ અપનાવવી જોઈશે નહીં.
7. શાળાએ ઉંમરના પુરાવાના અભાવે અથવા ધર્મ, જ્ઞાતિ, પંથ અથવા જાતી, જન્મ સ્થળ અથવા તે પૈકીના કોઈપણ આધાર પર કોઈ બાળકને પ્રવેશ આપવાનો ઈન્કાર કરવો જોઈશે નહીં.
8. શાળાએ સુનિશ્ચિત કરવું જોઈએ કેઃ-
    1. પ્રવેશ આપેલ કોઈપણ બાળકને શાળામાં પ્રારંભિક શિક્ષણ પુરૂં થતા સુધી ધોરણ- ૫ અને ધોરણ- ૮ સિવાયના કોઈપણ ધોરણમાં રોકી રાખવામાં ન આવે અથવા શાળામાંથી કાઢી મુકવામાં ન આવે અથવા વર્ગ બઢતીના પ્રવર્તમાન નિયમોને આધિન કાર્યવાહી કરવામાં આવે.
    2. કોઈપણ બાળક શારીરિક શિક્ષા અથવા માનસિક ત્રાસને પાત્ર થાય નહીં.
    3. પ્રારંભિક શિક્ષણ પુરૂં કરનાર દરેક બાળકને નિયમ-૩૦ હેઠળ નિયત કર્યા પ્રમાણેનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે.
    4. અધિનિયમોની જોગવાઈ પ્રમાણે અશકતતા ધરાવતા વિશિષ્ટ જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે.
    5. સરકાર દ્વારા વખતોવખત નિયત થયેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોની ભરતી કરવાની રહેશે.
    6. શિક્ષક-વિદ્યાર્થી પ્રમાણ નિયમાનુસારનું હોવું જોઇશે. શાળામાં વર્ગખંડનું ક્ષેત્રફળ નિયમાનુસાર હોવુ જોઇએ તથા જરૂરી તમામ ભૌતિક સૂવિધાઓ હોવી જોઇએ.
    7. અધિનિયમની કલમ-૨૪ની પેટા કલમ (૧) હેઠળ નિર્દિષ્ઠ કર્યા પ્રમાણે શિક્ષક પોતાની ફરજો બજાવે
    8. શિક્ષક અથવા શિક્ષિકાઓ પોતે ખાનગી ટયુશન આપી શકશે નહીં. તે જોવાની જવાબદારી સંચાલક મંડળની રહેશે.
    9. કેન્દ્ર સરકારે અથવા રાજ્ય સરકારે અથવા નિયામકે બહાર પાડેલ માર્ગદર્શિકાઓ અને આદેશનું પાલન કરી પારદર્શક અને નિષ્પક્ષ પ્રવેશ પ્રક્રિયાને અનુસરવાનું રહેશે.
9. સમુચિત સત્તામંડળે ઘડેલા પાઠયક્રમના આધારે તૈયાર કરેલ અભ્યાસક્રમ પ્રમાણે શાળાએ શિક્ષણ આપવાનું રહેશે.
10. શાળાએ અધિનિયમની કલમ-૧૯ માં ઠરાવ્યા પ્રમાણે શાળામાં પ્રાપ્ય સુવિધાઓના પ્રમાણમાં વિદ્યાર્થીઓ પ્રવેશ આપવો જાઈએ.
11. શાળાએ અધિનિયમની કલમ-૧૯ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શાળાના ધોરણો અને માપદંડો જાળવવા જોઈશે અને ખાસ કરીને કોઈ માહિતી પૂરી પાડવાને લગતી શાળાની વેબસાઈટના નિભાવ અને દર વર્ષે નિયત સમયમાં સાચી અને વિશ્વસનીય ડીઆઈએસઈ(ડાયસ) ડીસ્ટ્રીકટ ઈન્ફોરમેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન ડેટા (માહિતી) ભરવાને લગતી નિયમ-૧૩ ની તમામ શરતોનું પાલન કરવું જોઈશે.
12. શાળાની જગ્યાએ અંદર અથવા એ જ નામથી શાળાની બહાર કોઈ અનધિકૃત શાળા વર્ગો ચલાવવા જોઈશે નહીં.
13. શાળાના મકાનનો અથવા અન્ય બાંધકામનો અથવા મેદાનનો માત્ર શિક્ષણ કૌશલ્ય વિકાસના હેતુઓ માટે જ ઉપયોગ કરવાનો રહેશે.
14. શાળા સોસાયટી રજીસ્ટ્રેશન અધિનિયમ-૧૮૬૦, (સને-૧૮૬૦ની ૨૧ માં તેમજ ૧૯૫૨ હેઠળ નોંધાયેલ મંડળી દ્વારા અથવા તત્સમયે અમલમાં હોઈ તેવા કાયદા રચાયેલા મંડળ/કંપની દ્વારા ચલાવવામાં આવવી જોઈશે.
15. શાળા કોઈ વ્યકિત, જૂથ અથવા વ્યકિતઓના મંડળ અથવા કોઈ બીજી વ્યકિતઓના નફા માટે ચલાવી શકાશે નહિ.
16. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે હિસાબોનું ઓડિટ કરાવવું જોઈએ અને તેને પ્રમાણિત કરાવવા જોઈશે અને યોગ્ય હિસાબી પત્રકો નિયમો પ્રમાણે તૈયાર કરવા જોઈએ. દર વર્ષે હિસાબોના પત્રકો ઓડિટ કરાયેલા રીપોર્ટની એક નકલ સક્ષમ સત્તાધિકારીને મોકલવી જોઈશે.
17. CCTV કેમેરાની રેકોર્ડીંગ સાથેની સુવિધા ઉપલબ્ધ હોવી જોઈશે અને સમક્ષ અધિકારીને તે બદલની ખાતરી કરાવવાની રહેશે.
18. શાળા સલામતી અંગેના જરૂરી પગલા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીની ગાઈડલાઈન મુજબ [illegible]માં લેવાના રહેશે. સ્કુલ સેફટી પોલીસી-૨૦૧૬નો અમલ કરવાનો રહેશે.
19. [illegible] સુવિધા અંગે સમયાંતરે સક્ષમ અધિકારી પાસે પ્રમાણપત્ર રીન્યુ કરાવવાનું રહેશે.

President
Askari Universal School
Hauza-e-Ilmiya Campus,
Husain Tekri Road, At. Kanodar,
Ta. Palanpur, Dist. Banaskantha,
Gujarat-385520

Principal
Askari Universal School
Hauza-e-Ilmiya Campus,
Husain Tekri Road, At. Kanodar,
Ta. Palanpur, Dist. Banaskantha,
Gujarat-385520

20. વિદ્યાર્થીઓ અને સ્ટાફની સલામતી માટે વખતો વખત જરૂરી હોય તેવા પગલાં લઈ તેઓની સલામતી સુનિશ્ચિત કરવાની રહેશે.

21. શાળા મંડળે વિદ્યાર્થીઓને ચોક્કસ પ્રકારના પુસ્તકો, સાહિત્ય, ગણવેશ કે બુટ, પોતાની સંસ્થા પાસેથી કોઈ ચોક્કસ સંસ્થા કે એજન્સી પાસેથી કે ચોક્કસમાર્કો કે કંપનીના ખરીદવા માટે વિદ્યાર્થીઓ/વાલીઓને આગ્રહ રાખી શકાશે નહિ કે ફરજ પાડી શકાશે નહિ.

22. ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ-૨૦૧૭નાં પ્રબંધો અને તે હેઠળ બનેલા નિયમો આ શાળાને લાગુ પડશે અને તેનું પાલન કરવાનું બાહેધરી પત્રક રજુ કરવાનું રહેશે.

23. સક્ષમ સત્તાધિકારીશ્રી અથવા તેના દ્વારા અધિકૃત કરેલ વ્યકિત તથા શિક્ષણ ખાતાના નિરીક્ષક/અધિકારીઓને શાળા નિરીક્ષણ કરવાની છૂટ રહેશે.

24. શાળાએ સરકાર દ્વારા માન્ય કરેલ અભ્યાસક્રમ તથા વખતો વખત મંજુર કરેલ પાઠયપુસ્તકોનો જ ઉપયોગ કરવાનો રહેશે.

25. શિક્ષણની ફી નાં દર તથા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના પગાર ધોરણો સરકાર માન્ય હોવા જોઈએ.

26. શાળાના આચાર્ય કે સંચાલકો તરફથી આપવામાં આવતા રેકર્ડ, આંકડાકીય પત્રકો અને પ્રમાણપત્રો વિશ્વસનીય હોવા જોઈશે.

27. શાળા, નિયામક અને સક્ષમ સત્તાધિકારી વખતો વખત ફરમાવે તેવા રિપોર્ટ અને માહિતી પૂરી પાડશે અને શાળા ચાલુ રાખવાની માન્યતાની શરતને પરિપૂર્ણ કરવા અથવા શાળાના કામકાજમાંની ખામીઓ દૂર કરવા રાજય સરકાર/સ્થાનિક સત્તામંડળ આપે તેવા આદેશોનું પાલન કરશે.

28. સક્ષમ અધિકારીની પૂર્વ પરવાનગી વિના શાળાના નામમાં ફેરફાર, શાળાના સ્થળ ફેરફારકે શાળાના વ્યવસ્થા તંત્રમાં ફેરફાર કરી શકાશે નહી.

29. જે વર્ષમાં શાળાને મંજૂરી આપવામાં આવેલ હોય તે જ વર્ષમાં શાળા શરૂ કરવાની રહેશે. મંજૂરી મળ્યા પછીના ૬ માસમાં શાળા શરૂ કરવામાં નહિ આવે તો અપાયેલ મંજૂરી આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

30. જયારે જરૂર પડે ત્યારે શાળાનું મકાન જાહેર પરીક્ષા માટે તથા જાહેર હિતાર્થે શાળા સંચાલકે ફાજલ કરી ઉપયોગ માટે આપવાનું રહેશે.

31. સરકારશ્રી દ્વારા વખતોવખત જાહેર કરવામાં આવે તેવા તમામ ઠરાવ/પરિપત્રો/સૂચનાઓ/નિયમોનું પાલન કરવાનું રહેશે.

32. સદર મંજૂરી આપના ધ્વારા રજૂ થયેલ મહેસૂલી અને અન્ય આધારો સાચા છે. તેમ માની આપવામાં આવે છે. ભવિષ્યમાં રજૂ કરેલ કોઇપણ આધાર બનાવટી માલૂમ પડશે તો તે માટે સંચાલક મંડળ જવાબદાર ગણાશે અને તે માટે તેઓ વિરુધ્ધ પોલીસ ફરિયાદ સહિતના પગલાં લેવાની સરકારને સત્તા રહેશે જેની નોંધ લેવી.

33. આપની શાળાને ફાળવેલ માન્યતા હુકમ નંબર <u>નં/પ્રા.શિ./ખાનગી/નવી શાળા માટે/વશી૨૧/69 30-01-2021</u> છે. તેની નોંધ લેવા અને આ કચેરી સાથેના કોઇપણ પત્રવ્યવહાર માટે તેનો ઉલ્લેખ કરવા વિનંતી.

34. આપની શાળાનો UDISE કોડ ________________ છે. ઉપલી કચેરી સાથેના પત્રવ્યવહાર વખતે તેનો ઉલ્લેખ કરવાનો રહેશે. આ પ્રમાણપત્ર તા. 30-01-2021 ના રોજ આપેલ છે.

**DEO/DPEO** નો સ્પષ્ટ અભિપ્રાય :- કેળવણી નિરીક્ષકની સ્થળ મુલાકાત આધારે ચેક લીસ્ટ મુજબ રજુ થયેલ દસ્તાવેજી પત્રકો સાથેની દરખાસ્ત મંજુર કરવામાં આવે છે

સ્થળઃ- BANASKANTHA

તારીખઃ- 30-01-2021

સહી/-

(SANJAY PARMAR)
DPEO
જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ
DPEO
જિલ્લો :- BANASKANTHA

જિલ્લા ... શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ
,બનાસકાંઠા, પાલનપુર.

President
Askari Universal School
Hauza-e-Ilmiya Campus,
Husain Tekri Road,At. Kanodar,
Ta. Palanpur,Dist. Banaskantha,
Gujarat-385520

નકલ સવિનય રવાના
... નં. ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુ.રા. ગાંધીનગર

Principal
Askari Universal School
Hauza-e-Ilmiya Campus,
Husain Tekri Road,At. Kanodar,
Ta. Palanpur,Dist. Banaskantha,
Gujarat-385520

# District Primary Education Office, BANASKANTHA

પ્રમાણપત્ર ક્રમાંક :- નં/શિક્ષણ/ખાનગી/
પ્રમાણપત્ર/વશી૨૦/
જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ
જિલ્લો :- BANASKANTHA
તારીખ - 30-01-2021

## <u>પ્રમાણપત્ર</u>

બાળકોનાં મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯ ની જોગવાઇઓ તેમજ આ અધિનિયમ હેઠળ અમલમાં આવેલા બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર નિયમો- ૨૦૧૨ અને ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ- ૧૯૪૭ અન્વયે તેમજ આ કચેરીના મંજૂરી હુકમ ક્રમાંક- નં/શિક્ષણ/ખાનગી/નવી શાળા માટે/વશી૨૧/69 તા- Jan 30, 2021 ના મંજૂરીપત્ર અન્વયે આપનાં ટ્રસ્ટ Husaini Mission Trust સંચાલિત Askari Universal School શાળાને જૂન-૨૦૨૧ થી ધોરણ- ધોરણ - ૬ થી ૮ ની પ્રાથમિક શાળા અંગ્રેજી માધ્યમમાં શરૂ કરવા માટે માન્યતા પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ:- BANASKANTHA

સહી/-

તારીખ:- 30-01-2021

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ
બનાસકાંઠા, પાલનપુર.

(SANJAY PARMAR)
DPEO
જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ
DPEO
જિલ્લો :- BANASKANTHA

પ્રતિ,
પ્રમુખશ્રી/મંત્રીશ્રી/સંચાલકશ્રી,
Husaini Mission Trust
Hauz-E-Ilmiya campus, Husain Tekri road, At Kanodar, Tal-Palanpur, Dist-Banaskantha

નકલ સવિનય રવાના --
નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં. ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુ.રા. ગાંધીનગર

President
Askari Universal School
Hauza-e-Ilmiya Campus,
Husain Tekri Road,At. Kanodar,
Ta. Palanpur,Dist. Banaskantha,
Gujarat-385520

Principal
Askari Universal School
Hauza-e-Ilmiya Campus,
Husain Tekri Road,At. Kanodar,
Ta. Palanpur,Dist. Banaskantha,
Gujarat-385520

NOTARY
NARENDRASINH J. VAGHELA
GONDAL & DIST. RAJKOT
GUJARAT STATE
REG. NO. 4175
GOVT. OF INDIA

COPY OF THE RECOGNITION CERTIFICATE

( STD. 6 TO 8$^{TH}$-TRANSLATED VERSION )

TRANSLATED FROM GUJARATI TO ENGLISH

## District Primary Education Office, Banaskantha

Online Application No.647239 Sr.No.15

Sr.No./Primary Education/Private/New school/vashi 21/69

District Primary Education Officer

District Panchayat Education Committee

District –Banaskantha

Date : 30-01-2021

To

President /Secretary

Husaini Mission Trust

Haz-E-Ilmiya campus, Husain Tekri road, At Kanodar, Tal. : Palanpur

Sub.: To affiliate lower primary (1 to 5) and upper primary (6 to 8 ) non granted new school from June-2021

Trust Name : Husaini Mission Trust

Address : Haz-E-Ilmiya campus, Husain Tekri road, At Kanodar, Tal. : Palanpur

School Name : Askari Universal School

Address : Haz-E-Ilmiya campus, Husain Tekri road, At Kanodar, Tal. : Palanpur, Dist.: Banaskantha-385520

Medium : English

Standard : Standard 6 to 8$^{th}$ – New school

Reference : Right To Education Act-2009

President
Askari Universal School
Hauza-e-Ilmiya Campus,
Husain Tekri Road,At. Kanodar,
Ta. Palanpur,Dist. Banaskantha,
Gujarat-385520

Principal
Askari Universal School
Hauza-e-Ilmiya Campus,
Husain Tekri Road,At. Kanodar,
Ta. Palanpur,Dist. Banaskantha,
Gujarat-385520

NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL

NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL NOTARIAL

NOTARY
NARENDRASINH J. VAGHELA
GONDAL &
DIST. RAJKOT
GUJARAT STATE
REG. NO.
GOVT. OF INDIA

President
Askari Universal School
Hauza-e-Ilmiya Campus,
Husain Tekri Road, At. Kanodar,
Ta. Palanpur, Dist. Banaskantha,
Gujarat-385520

Principal
Askari Universal School
Hauza-e-Ilmiya Campus,
Husain Tekri Road, At. Kanodar,
Ta. Palanpur, Dist. Banaskantha,
Gujarat-385520

Right To Education Act-2012

Gujarat Primary Education Act-1947

Mumbai Primary Education Act -1949

With reference to your application for opening new primary school application

With reference to our inspection on 27-01-2021 by Mr. N. S. Rajput

NOTARY
NARENDRASINH J. VAGHELA
GONDAL & DIST. RAJKOT
GUJARAT STATE
REG. NO. 1975
GOVT. OF INDIA

Dear Sir,

As per the section 18 of Right To Education Act-2009 and according to rules (5) (1) of Right To Education Rules-2012 and Mumbai Primary Education Act-1949, granted powers and on the basis of application made by you to open new lower primary (1 to 5) and upper primary (6 to 8) non granted school and documents submitted by you, affiliation is given to you to open new primary school from June-2021 for Standard 6 to 8$^{th}$ on below mentioned conditions.

You can start single division for Standard 6 to 8$^{th}$

Conditions : 1 to 34

DEO/DPEO opinion : School has been affiliated

Place : Banaskantha

Date : 30-01-2021

Signature

(SANJAY PARMAR )

District Primary Education Officer

District Panchayat Education Committee

District : Banaskantha

Copy to :

Directorate, Primary Education, Block No.12/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar-Gujarat

President
Askari Universal School
Hauza-e-Ilmiya Campus,
Husain Tekri Road, At. Kanodar,
Ta. Palanpur, Dist. Banaskantha,
Gujarat-385520

This is true and Correct Translation of the Original documents from Gujarati/ ~~Hindi~~ in to English which produce before me.

NARENDRASINH J. VAGHELA
NOTARY
GOVT. OF INDIA
10 AUG 2021

RG. SERIAL No. 5565
DATE 10-8-2021
BOOK No. 4
PAGE No. 136

NARENDRASINH J. VAGHELA
NOTARY
GOVT. OF INDIA
10 AUG 2021

Principal
Askari Universal School
Hauza-e-Ilmiya Campus,
Husain Tekri Road, At. Kanodar,
Ta. Palanpur, Dist. Banaskantha,
Gujarat-385520